ભારતમાં હિંસાને પ્રોત્સાહન આપવામાં પાકિસ્તાનની ભૂમિકા : શિંદે

નવી દિલ્હી, તા૨૧

કેન્દ્રિય ગૃહ પ્રધાન સુશીલકુમાર શિંદેએ આજે કહ્યુ હતુ કે ભારતમાં હિંસાને પ્રોત્સાહન આપવામાં પાકિસ્તાનની ભૂમિકા રહેલી છે. દેશમાં ઘૂસણખોરી કરવા આતંકવાદીઓને પાકિસ્તાન દ્વારા મદદ કરવામાં આવી રહી છે. પરંતુ ભારત સંપૂર્ણપણે એલર્ટ છે. આતંકવાદીઓના કોઈ પણ ઈરાદાને સફળ થવા માટેની સ્થિતિ ઉભી કરવાની કોઈને પણ તક આપવામાં આવશે નહીં. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પત્રકારો સાથે વાતચીત કરતા શિંદેએ કહ્યુ હતુ કે અમારી પાસે એવી માહિતી આવી છે કે પાકિસ્તાન હજુ પણ ભારતમાં ઘૂસણખોરી કરવા માટે આતંકવાદીઓને મદદ કરી રહ્યુ છે પરંતુ અમે બિલકુલ એલર્ટ છીએ. આતંકવાદીઓને બોધપાઠ ભણાવવા સરકાર સંપૂર્ણપણે તૈયાર છે. ઈન્ટેલિજન્સ માહિતીના આધાર પર સૈનિકો પણ સજ્જ છે. ગૃહમંત્રીએ કહ્યુ હતુ કે હાલમાં તહેવારની સિઝન દરમિયાન વધારાની સાવચેતી અને સાવધાની રાખવા તમામ સંબંધિત વિભાગને સૂચના આપી દેવામાં આવી છે. તહેવારના સમયમાં આતંકવાદીઓ અનિચ્છનિય બનાવમાં પડીને અરાજકતા ઉભી કરી શકે છે. આતંકવાદીઓ હંમેશા તહેવારની સિઝનનો લાભ લેવા પ્રયત્નશીલ હોય છે. જમ્મુ કાશ્મીરનો ઉલ્લેખ કરતા શિંદેએ કહ્યુ હતુ કે જ્યા સુધી સ્થિતિ

સંપૂર્ણપણે શાંતિપૂર્ણ થશે નહીં ત્યાં સુધી ખીણમાંથી સૈનિકોને પરત ખેંચવામાં આવશે નહીં. સંપૂર્ણપણે તકેદારી રાખવામાં આવી રહી છે. શિંદેએ કબૂલાત કરી હતી કે જ્યારે તેઓ જમ્મુ કાશ્મીરમાં હતા ત્યારે સ્થાનિક લોકોએ ખીણમાંથી સૈનિકોને પાછા ખેંચી લેવા અપીલ કરવામાં આવી હતી પરંતુ અમે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે જ્યા સુધી સ્થિતિ શાંતિપૂર્ણ બનશે નહીં ત્યાં સુધી સૈનિકોને પરત ખેંચવામાં આવશે નહીં. અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં હાલ ચાલી રહેલી ભ્રષ્ટાચાર વિરોધી જુંબેશ અંગે શિંદેએ કહ્યુ હતુ કે કાર્યકરોને તેમના મામલાઓમાં આત્મનિરિક્ષણ કરવું જોઈએ. કારણ કે તેમના કૃત્યોથી સમાજમાં ગેરશિસ્ત ફેલાઈ જાય છે. સરકાર આને ચલાઈ લેશે નહીં. શિંદેએ કહ્યુ હતુ કે ગેરશિસ્ત ફેલાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. આ બિલકુલ ગેર કાયદે છે. જો કોઈ વ્યક્તિ કાયદા પોતાના હાથમાં લેશે તો અમે ચલાવી લઈશું નહીં.

પાણી અને વિજળીદર મામલે તેમના વિરોધ દરમિયાન વ્યક્તિગતોના વિજળીના કનેક્શન પુનઃસ્થાપિત કરવાના કેજરીવાલના પગલાઓનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યુ હતુ કે આવા કૃત્યો ક્યારેય ચલાવી શકાય નહીં. બિલની ચૂકવણી નહીં કરવાના કારણે સપ્લાય રોકી દેવામાં આવી હતી. શિંદેએ કહ્યુ હતુ કે તેઓ ભારત-બાંગ્લાદેશ સરહદ ઉપર જઈ ચુકયા છે. પરિસ્થિતિની સમીક્ષા પણ કરી ચુકયા છે. પોલીસ સ્થાપના દિવસમાં હાજરી આપી ચુકયા છે. તેમણે વધુમાં માહિતી આપતા કહ્યુ હતુ કે છેલ્લા એક વર્ષમાં મોટી સંખ્યામાં જવાન જુદાજુદા ઓપરેશનમાં શહિદ પણ થયા છે.

આગામી ૪ વર્ષમાં વધુ એક લાખ એટીએમ હશે : રિપોર્ટ

નવી દિલ્હી,તા. ૨૧

દેશમાં આગામી ચાર વર્ષમાં એક લાખ નવા એટીએમ સ્થાપિત કરવામાં આવશે. બેંકો હાલમાં વધારે નાણાંકીય સમાવેશના ટાર્ગેટને હાંસલ કરવા માટે તેના ગ્રામીણ અને અર્ધ શહેરી નેટવર્કને વધુ વિસ્તૃત બનાવવા માટે કમર કસી ચુકી છે. નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં એટીએમની સંખ્યા બે ગણી થઈ ગઈ છે. આની સાથે જ જુન ૨૦૧૨ સુધી એટીએમની સંખ્યા વધીને ૯૯૨૧૮ થઈ ગઈ હતી. ઈન્ડસ્ટ્રીઝને આશા છે કે ઝડપી વિકાસની ગતિ જારી રહેશે. વર્ષ ૨૦૧૬ સુધી આંકડો વધીને ૨૦૦૦૦૦ સુધી પહોંચી જશે. ગ્લોબલ રીસર્ચ એન્ડ એડવાઈઝરી કંપની સેલેન્ટના અભ્યાસમાં આ મુજબની વાત કરવામાં આવી હતી.અભ્યાસમાં જણાવવામાં આવ્યું ચે કે મોટા ભાગના નવા એટીએમ અતવા તો ૫૦-૬૫ ટકા એટીએમ ટાયર બે અને ટાયર -૩ શહેરોમાં સ્થાપિત કરવામાં આવશે. જ્યારે ટાયર-૧ માં ઓટીએમ સ્થાપિત કરવાની ગતિ આશરે ૨૦ ટકાની આસપાસ રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે એચએસબીસી બેંકે મુંબઈમાં વર્ષ ૧૯૮૮માં પ્રથમ એટીએમ સ્થાપિત કર્યા બાદ તેની બોલબાલા વધતી ગઈ છે. હાલમાં એટીએમની સંખ્યા દેશમાં ઓછી પડે છે તેવી ફરિયાદ અને રજૂઆત તાજેતરના વર્ષોમાં જાણકાર લોકો દ્વારા કરવામાં આવી છે. અહેવાલ મુજબ ઈન્ડસ્ટ્રીઝે હવે નવા તબક્કામાં એન્ટ્રી કરી લીધી છે. જેથી ભાવિ વિકાસ માટે કેટલાક પરિબળો રહેલા છે. ઈન્ડિયન એટીએમ ઈન્ડસ્ટ્રીઝ ટાઈટલ સાથે પ્રકાશિત લેકમાં જણાવવામાં આવ્યું છે કે ગ્રોથના આગામી તબક્કા માટે તૈયારી કરી લેવાની જરૂર છે. ભારતમાં કેટલાક પાસા એવા છે જે એટીએમને મજબુતી તરફ લઈ જાય છે.

૨૬/૧૧: ભારત પહેલા ટીમ મોકલવા ઈચ્છુક છે

નવી દિલ્હી,તા. ૨૧

૨૬/૧૧ મુંબઈ હુમલાના સંબંધમાં પાકિસ્તાનની ટીમ ફરી એકવાર ભારતની મુલાકાત લેવાની યોજના ધરાવે છે. પરંતુ ભારત આ વખતે પાકિસ્તાનની ટીમને મુલાકાત પહેલા કેટલીક શરતોમાં બાંધી લેવા ઈચ્છુક છે. મુંબઈ હુમલામાં તપાસના હેતુસર પાકિસ્તાન તરફથી જ્યુડિશનલ પંચને ભારત આવવાની મંજુરી મળી શકે છે. ગૃહ મંત્રાલયના અધિકારીઓએ માહિતી આપતા કહ્યુ છે કે તેઓ એક નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી પાકિસ્તાનમાં મોકલવા માંગે છે. જેમાં ચાવીરૂપ માસ્ટરમાઈન્ડ સામે સામઝીના પુરાવાની ચકાસણી કરવામાં આવશે. પાકિસ્તાન તરફથી જ્યુડિશનલ પંચ ભારત આવવાની ઈચ્છા ધરાવે છે ત્યારે ભારતે એવી શરત મુકી છે કે ૨૬/૧૧ હુમલામાં તપાસ કરનાર એનઆઈએની ટીમને પણ પાકિસ્તાન મોકલવાની અમારી ઈચ્છા છે.

ભ્રષ્ટાચાર મુદ્દે ચર્ચા માટે સિંહ અને સોનિયા ગાંધીને પડકાર

નવી દિલ્હી,તા. ૨૧

અરવિંદ કેજરીવાલે આજે ભ્રષ્ટાચારના મુદ્દે જાહેર ચર્ચામાં મેદાનમાં આવવા વડાપ્રધાન મનમોહનસિંહ, રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને ખુલ્લો પડકાર ફેંક્યો હતો. ઈન્ડિયા અગેઈન્સ્ટ કરપ્શન (આઈએસી)ના સભ્ય અરવિંદ કેજરીવાલે જણાવ્યુ હતુ કે આઈએસી પોતાની સામે ઉઠાવવામાં આવેલા પ્રશ્નોના પણ જવાબ આપશે. જ્યારે કોંગ્રેસના નેતૃત્વ અને રોબર્ટ વાઢેરા ભ્રષ્ટાચારના આક્ષેપોમાંથી મુક્ત થઈ જશે તો અમે પણ જવાબ આપીશું. સોશ્યલ નેટવર્કિંગ સાઈટ ટ્વિટર ઉપર દિગ્વિજયસિંહ સામે તેમના આકરા પ્રહારો કરતા કેજરીવાલે કહ્યુ હતુ કે તેઓ કોંગ્રેસના જનરલ સેક્રેટરી દ્વારા કરવામાં આવેલા તમામ પ્રશ્નોનો જવાબ આપશે પરંતુ સૌથી પહેલા સોનિયા ગાંધી અને મનમોહનસિંહે જાહેર ચર્ચા માટે મેદાનમાં આવવું

જોઈએ. કેજરીવાલે કહ્યુ છે કે રોબર્ટ વાઢેરા અને વડાપ્રધાન સમક્ષ અમે કેટલાક પ્રશ્નો મુકી ચુકયા છે. પહેલા અમને જવાબ આપો ત્યાર બાદ અમે દિગ્વિજયસિંહ તરફથી કરવામાં આવેલા તમામ પ્રશ્નોનો જવાબ આપીશું. તેમણે ઉમેર્યુ હતુ કે જાહેર ચર્ચામાં આવવા સોનિયા ગાંધી, વડાપ્રધાન અને રાહુલ ગાંધીને સમજાવવામાં આવે તે જરૂરી છે. દિગ્વિજયસિંહે તેમને તૈયાર કરવા જોઈએ. એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યુ હતુ કે જો તેઓ સોનિયા ગાંધી અને વડાપ્રધાનને સમજાવવા નિષ્ફળ રહેશે તો એવી છાપ ઉભી થશે કે કોંગ્રેસના જનરલ સેક્રેટરી આ તમામ બાબતો સસ્તી લોકપ્રિયતા મેળવવા માટે કરી રહ્યા છે. કેજરીવાલે ટ્વિટર ઉપર આ નિવેદન એવા સમયે કર્યુ છે જ્યારે સિંહે આઈએસી સમક્ષ ૨૭ પ્રશ્નો મુક્યા છે. સિંહે તેમની સાથે સંકળાયેલા એનજીઓના વિદેશી ફંડનો મુદ્દો ઉઠાવ્યો હતો. સર્વિસ નિયમોનો ભંગ કરવાનો આક્ષેપ પણ ઉઠાવ્યો હતો.

સમાચાર ઝલક

- થાનગઢના દલિત હત્યા મુદ્દે સુરેન્દ્રનગરમાં દલિતોએ ચક્કાજામ કર્યો.
- રાજકોટમાં ચાર પુત્રીઓ સાથે માતાએ અગ્નિ સ્નાન કર્યું.
- સંયુક્ત રાષ્ટ્રસંઘની સુરક્ષા પરિષદમાંથી ભારત બહાર નીકળી ગયું.
- દિલ્હીમાં સુલતાનપુરીમાં ભયાનક આગ લાખોની સંપત્તિને નુકશાન.
- દેશમાં નવી ક્રાંતિ ભ્રષ્ટાચાર નાબૂદની શરૂ થઇ ગઇ છે : શ્રી અરવિંદ કેજરીવાલ.
- નાગપુરમાં આર.એસ.એસ.નાં વડા મોહન ભાગવતની મુલાકાતે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી.
- પ્રાંતિજ પાસેથી બસમાંથી ૯ કિલો ચરસ ઝડપાયું.
- કાશ્મીરમાં આતંકીઓ સાથે લશ્કરનો ગોળીબાર, બે કર્મીઓ ઘાયલ.
- દેશભરમાં દૂર્ગાપૂજા નવરાત્રીની ઉમંગભેર ઉજવણી.
- ઉત્તરપ્રદેશમાં ઝેરી લોટ ખાવાથી ૨૪ વ્યક્તિઓ ગંભીર.
- પેકીંગમાં દૂધની ગુણવત્તા હલકી હોવાનું સુપ્રીમમાં બોલ્યું.
- ગુજરાતમાં ડેન્ગ્યુ/મેલેરિયાની ભારે અસર હેઠળ.
- પાકિસ્તાનની કન્યા મલાલા યુસુફની તબિયત યથાવત્.
- આજે પોલીસ દિવસની દેશભરમાં ઉજવણી થઇ.
- બીજા સત્રની શરૂઆત થવા છતાં ધોરણ-૫ થી ૭નાં પાઠ્ય પુસ્તકોની અછત.
- હરિયાણાના મુખ્યપ્રધાનનાં બંગલા સામે દેખાવો.

કંધમાલ હિંસા કેસ : ૧૩ શખ્સોને છ વર્ષની સજા

ફુલબાની,તા. ૨૧

ઓરિસ્સામાં ફાસ્ટ ટ્રેક કોર્ટે વર્ષ ૨૦૦૮માં ભડકેલી કંધમાલ હિંસામાં તેમની સંડોવણી બદલ આજે ૧૩ શખ્સોને છ વર્ષની આકરી જેલની સજા ફટકારી હતી. ગઈકાલે આ ચુકાદો આપવામાં આવ્યા બાદ કોર્ટમાં સોપો પડી ગયો હતો. એડિશનલ સેશન કોર્ટના જજ સોભન કુમારે પુરાવાના અભાવે અન્ય છ લોકોને નિર્દોષ છોડી મુક્યા હતા. કોર્ટે તમામને ૫૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. છ વર્ષની કરવામાં આવેલી સજા મામલે નિયમોનો ભંગ કરાશે તો વધુ સજા થશે. અત્રે નોંધનીય ચે કે નવમી સપ્ટેમ્બર ૨૦૦૮ના દિવસે ઓરિસ્સાના કંધમાલ અને તેના આસપાસના વિસ્તારોમાં વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. વિશ્વ હિન્દુ પરિષદના નેતા લક્ષ્મણનંદા સરસ્વતીની હત્યા કરવામાં આવ્યા બાદ હિંસા ભડકી ઉઠી હતી. હિંસાનો દોર ઘણા દિવસ સુધી ચાલુ રહ્યો હતો. સરસ્વતીની હત્યા આ જિલ્લામાં તેમના જલસપેટા આશ્રમ ખાતે કરી દેવામાં આવી હતી.

વડાપ્રધાનપદના મુદ્દે આરએસએસ સામેલ નથી : નરેન્દ્ર મોદી

નાગપુર,તા. ૨૧

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આરએસએસના ટોચના સભ્યોને મળ્યા હતા. જેમાં આરએસએસના વડા મોહન ભાગવતનો પણ સમાવેશ થાય છે. બેઠક બાદ નરેન્દ્ર મોદીએ કહ્યુ હતુ કે આરએસએસ વડાપ્રધાનપદના ઉમેદવારના મુદ્દે સામેલ નથી. મોદીએ કહ્યુ હતુ કે નાગપુરમાં આરએસએસના હેડક્વાર્ટર ખાતે મળેલી આ બેઠક ખુબજ ફળદાયી રહી છે. આ બેઠકમાં તમામ મુદ્દાઓ ઉપર ચર્ચા થઈ હતી. વર્ષ ૨૦૧૪માં યોજાનારી સામાન્ય ચૂંટણી માટે વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે તેમને પ્રોજેક્ટ કરવાના મુદ્દે ચર્ચા થઈ છે કે કેમ તે અંગે પુછવામાં આવતા મોદીએ ઈન્કાર કર્યો હતો. તેમણે

કહ્યુ હતુ કે આરએસએસ આ પ્રકારની બાબતોમાં સામેલ નથી. વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ કરવાની શક્યતા અંગે પુછવામાં આવતા મોદીએ આ મુજબનો જવાબ આપ્યો હતો. મોદીએ કહ્યુ હતુ કે આરએસએસના વડા મોહન ભાગવત, જનરલ સેક્રેટરી ભૈયાજી જોષી, સુરેશ સોનીને મળવા માટે તેઓ લાંબા ગાળા બાદ પહોંચ્યા છે. જુદાજુદા મુદ્દા પર ફળદાયી ચર્ચા થઈ હોવાની વાત મોદીએ કરી હતી. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર થઈ ચુક્યો છે. ડિસેમ્બરમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. મોદી ખાસ વિમાન મારફતે નાગપુર શહેર પહોંચ્યા હતા અને બેઠક બાદ તરત જ રવાના થઈ ગયા હતા. મોદી એવા સમયે સંઘને મળવા માટે પહોંચ્યા હતા જ્યારે ભાજપના સાંસદ રામ જેઠમલાણી કહી ચુક્યા છે કે મોદીને લોકસભાની ચૂંટણી માટે વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ કરવા જોઈએ. જો કે ભાજપે કહ્યુ હતુ કે આ મિટિંગ માત્ર અનૌપચારિક બેઠક છે. આ મિટિંગને લઈને કોઈ રાજકીય અર્થ કરવા જોઈએ નહીં. નરેન્દ્ર મોદી અથવા તો અન્ય કોઈ પણ પક્ષના નેતાઓ સંઘના નેતાઓ સાથે બેઠક કરે છે. ભાજપના પ્રવક્તા મુખ્તાર અબ્બાસ નકવીએ આજે આ મુજબની વાત કરી હતી. મોદી હાલ ગુજરાતના વિધાનસભાની ચૂંટણીની તૈયારીમાં વ્યસ્ત છે. જેથી સંઘના નેતાઓ સાથેની તેમની વાતચીતને લઈને નવી ચર્ચા છેડાઈ ગઈ છે.

આઈટી રિફંડમાં ૨૩.૩૩ ટકાનો ઉલ્લેખનિય ઘટાડો

નવી દિલ્હી,તા. ૨૧

વર્તમાન નાણાંકીય વર્ષમાં પ્રથમ છ મહિના દરમિયાન ઈન્કમટેક્ષ રિફંડનો આંકડો ગયા વર્ષે આજ ગાળામાં ૬૦૦૦૦ કરોડથી ઘટીને ૪૬૦૦૦ કરોડ થઈ ગયો છે. નાણાંમંત્રાલયના અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે એપ્રિલ-સપ્ટેમ્બરમાં આઈટી રિફંડનો આંકડો ૪૬૦૦૦ કરોડનો રહ્યો છે. સરકારે રિફંડ માટેનો સમય ઘટાડવા વર્ષ ૨૦૧૦માં બેગ્લોર ખાતે સેન્ટ્રલ પ્રોસેસિંગ સેન્ટરની રચના કરી હતી. સાથે સાથે કરદાતાઓની સંખ્યામાં વધારો કરવાના મામલે વિભાગને મદદ કરવાની તૈયારી પણ બતાવી હતી.

વર્તમાન નાણાંકીય વર્ષ દરમિયાન રિફંડની સંખ્યા ૩૩.૫૧ લાખ રહી છે જે પૈકી ૩૩.૧૫ લાખ રિફંડ બેંક ફેસિલીટી મારફતે અમલી બનાવાયો છે. રિફંડ બેંકની સુવિધાના કેસમાં રિફંડ સંબંધિત કરદાતાના ખાતામાં સીધીરીતે જાય છે. આંકડામાં જણાવવામાં આવ્યુ છે કે પ્રત્યક્ષ કરવેરા વસુલાતનો આંકડો વર્ષ ૨૦૧૨-૧૩ના પ્રથમ છ મહિના દરમિયાન ૨.૭૨ લાખ કરોડ હતો. આમાં ૫.૮૭ ટકાનો વધારો થયો છે. ૧૫ ટકાના વાર્ષિક ટાર્ગેટ સામે આ આંકડો હતો. વર્તમાન નાણાંકીય વર્ષ માટે સરકારે ૫.૭ લાખ કરોડના પ્રત્યક્ષ કરવેરા વસુલાતનો આંકડો નક્કી કર્યો છે. જે અગાઉના નાણાંકીય વર્ષના ૪.૯૫ લાખ કરોડની વાસ્તવિક વસુલાત કરતા ૧૫.૨ ટકા વધારે છે. ઈન્કમટેક્ષ રિફંડમાં ઘટાડો થતા તંત્રની ઉંઘ પણ હરામ થઈ ગઈ છે. આગામી દિવસોમાં આ ઝુંબેશને વધુ તીવ્ર બનાવવામાં આવે તેવી શક્યતા છે.

નવેમ્બર મહિનાથી વિમાની ભાડામાં આશરે ૧૦ ટકાનો વધારો

નવી દિલ્હી,તા. ૨૧

તહેવારની સિઝનમાં વિમાનની યાત્રા કરવા ઈચ્છુક લોકોને વધારે ઉંચી કિંમતે ટિકિટ ખરીદવાની ફરજ પડી શકે છે. મળેલી માહિતી મુજબ કિંગફિશર એરલાયન્સના લાયસન્સને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા બાદ હવે નવેમ્બર મહિનાથી વિમાની ભાડામાં આશરે ૧૦ ટકાનો વધારો થઈ શકે છે. એવિએશન રેગ્યુલેટર ડીજીસીએ દ્વારા શનિવારના દિવસે નાણાંકીય કટોકટીનો સામનો કરી રહેલી કિંગફિશર એરલાઈન્સના લાયસન્સને સસ્પેન્ડ કરી દેતા ભારે સનસનાટી મચી ગઈ હતી. ઉડ્યન ઉદ્યોગમાં ચિંતા વધી ગઈ હતી. તહેવારની સિઝન દરમિયાન ઉડ્નન ઉદ્યોગમાં જોરદાર માંગ રહે છે. કિંગફિશર હવે માર્કેટમાં નહી હોવાથી માંગ વધવાની સ્થિતીમાં અન્ય એરલાઈન્સ ટિકિટની માંગ વધી શકે છે. ઉડ્યન નિષ્ણાંતોને ટાંકીને અહેવાલમાં આ મુજબની વાત કરી હતી. આાગામી મહિનાથી ભાડામાં વધારો થઈ શકે છે. કેટલાક રૂટ પર માંગ વિશેષ રીતે જોવા મળી શકે છે. લો કોસ્ટ કેરિયર પણ ટિકિટના દરમાં વધારો કરી શકે છે. મુંબઈ-બેંગલોર, બેંગલોર-ચેન્નાઈ, બેંગલોર-ગોવા જેવા રૂટ પર વધારે ટ્રાફિક રહેવાની શક્યતા છે. કિંગફિશર એરલાઈન્સની હાલત છેલ્લા ઘણા મહિનાથી કફોડી બનેલી છે. કારણ કે પગારની સમયસર ચુકવણી નહી થવાના કારણે તેમજ અન્ય અનેક કારણોસર હાલત કફોડી રહી છે. અનેક વખત પાઈલોટો હડતાળ પર ઉતરી ગયા હતા. જેથી સેવાને માઠી અસર થઈ હતી. હવે લાયસન્સ સસ્પેન્ડ કરી દેવાતા સ્થિતી વધારે ખરાબ તઈ છે. સુરક્ષા સહિતના પાસાઓને ધ્યાનમાં લઈને તેના લાયસન્સને સસ્પેન્ડ કરી દેવાતા વિમાની યાત્રીઓ પાસે હવે વિકલ્પ ઓછા રહ્યા છે.તહેવારની સિઝનમાં યાત્રીઓનો દર વર્ષની જેમ આ વખતે વધારો થવાની શક્યતા છે.

માઇનિંગ કોંભાડ : શાહ પેનલ ઓરિસ્સામાં જશે

ભુવનેશ્વર,તા. ૨૧

ઓરિસ્સામાં ગેરકાયદે માઈનિંગના સંબંધમાં વધુ તપાસ કરવાના હેતુસર જસ્ટિસ એમબી શાહના નેતૃત્વમાં તપાસપંચની ટીમ ફરી વાર ઓરિસ્સા જશે. ૩૧મી ઓક્ટોબરના દિવસે આ ટીમ રાજ્યની મુલાકાત લેશે. સત્તાવાર સૂત્રોએ આજે આ મુજબની માહિતી આપી હતી.

રાજ્યના સ્ટીલ અને ખાણ વિભાગના અધિકારીએ કહ્યુ છે કે રાજ્ય સરકારે એવી માહિતી આપી છે કે વરિષ્ઠ અધિકારી યુવી સિંહના નેતૃત્વમાં પંચની ટીમ ૩૧મી ઓક્ટોબરે પહોંચશે અને ૧૧મી નવેમ્બર સુધી તપાસ કરશે. તપાસ બાદ અહેવાલ સુપ્રત કરવામાં આવશે.

શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

એવા ભરત કવિ કહે છે કે -
'જુઓ ઊર્મિઓનું હરણ થઇ ગયું છે,
અને લાગણીઓનું મરણ થઇ ગયું છે,
સંબંધો સુકાયા છે મતલબના રણમાં,
હવે ઝાંઝવાનું શરણ થઇ ગયું છે.'
તેથી જ કવિને એમ લાગે છે કે -
ટેરવાં થાકી ગયાં છે આજ કાં?
કેમ ના વાગે એ જાંગી ઢોલ છે?
સૂર્યને પણ થાક શું લાગ્યો હશે?
બે ઘડી કરતો વિસામો મોલ છે.

તો પૌરાણિક કથા સંદર્ભો ધરાવતા ઝુરી કલ્પનો દ્વારા અર્થચ્છાયા વિસ્તારી ગઝલમાં તેનો યથાર્થ વિનિયોગ કરી રજૂ કરતાં કવિ કનૈયાલાલ ભટ્ટનો આ શેર જૂઓ.

'તું ગઝલને બાંધ નહીં ભાષા મહીં,
છોડ શબ્દો, અર્થ, સાચો લય પકડ,
થા ઊભો ને જાન સાથે તું જ લડ,

અને સામ જાત સાથે લડવા તૈયાર થનારા કનૈયાલાલ ભટ્ટ તેમની બીજી એક રચનામાં જાણે કે કૃષ્ણને પડકાર ફેંકીને કહે છે કે -

'છે કથા તારી ભરી ચમત્કારોથી,
બે, મુસીબત કોઇની ભગાડી તો જો,
તું ભલેનેં ઊંચકી શકે ગોવર્ધન,
આ ઊભ મારૂં કશું બગાડી તો જો.'

અને ગ્રીજા આપણા ગાંધીનગરનાં સર્જક હર્ષદ ત્રિવેદી, 'શબ્દ સૃષ્ટિ'ના સંપાદક તરીકે આપણે ભલે ઓળખનાં હોઇએ પણ 'એક ખાલીનાથ' કાવ્ય સંગ્રહ માટે જયંત પાઠક કાવ્ય સનમાન મેળવનાર હર્ષદ ત્રિવેદી મુળ કવિતાનો જીવ છે. 'રહી છે વાત અધૂરી', તારો અવાજ, દ્વારા કાવ્ય અને ગઝલ ક્ષેત્રે તેમણે આગવી ઓળખ ઊભી કરી છે. તેમની ગઝલોનાં કેટલાક શેર જોઇએ.

છેવટે વહેલી સવારે વૃક્ષ આ ઊડી શક્યું,
પંખીઓએ પાંખ આખી રાત ફફડાવી હશે,
હું સળગતો સૂર્ય લઇને જાઉં છું મળવા અને,
શક્ય છે કે એણે ઘરમાં સાંજ ચિતરાવી હશે.

તો 'માનબાઇ' જેથી તેમની પાત્ર ગઝલની આ પંક્તિઓ પણ ગમી જાય તેવી છે.

આકાર રોજ બદલે ઘરની હરેક ચીજો,
હરચીજમાં પછીથી ઘબકે છે. માનબાઇ,
થરની ઉપર ચડ્યા છે થરનાં ય થર ઘણાએ,
અસલી ઇમાન કાજે વલખે છે માનબાઇ.

તેથી કોઇ એક જિલ્લાના કવિઓ કવિતાનાં, ગઝલ જેવા કોઇ એક સ્વરૂપમાં કેવું સર્જક કતૃત્ત્વ દાખવી રહ્યા છે. તેનો સંતર્પક પરિચય આપતા આ સંપાદન ગ્રંથને આવકારૂં છું. અને તેમનાં અભિનવ સંપાદકીય કર્મને ડો. પથિક પરમારની જેમ જ હું પણ બિરદાવું છું.

ઝાલાવાદી ગઝલ ગંગા
સંપાદક - સોલિડ મહેતા
પ્રકાશક - અતિથિ પ્રકાશન, સલાટ ફળી, હળવદ.
જિ. સુરેન્દ્રનગર
પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨
પૃષ્ઠ - ૧૦૪
કિંમત - રૂા. ૧૦૦/-

'સાચી-સ્નેહની ગાંઠ' (પાના નં. ૪ નું ચાલુ)

ઝપાઝપીમાં બીજા બે ત્રણ જણ દોડી આવ્યાં. અચાનક તેનો મિત્ર દેખાયા. તેમણે અર્ધપાગલ એવા ભાવેશને પકડ્યો હતો. અને તેને રીતસર મારવા લાગ્યા હતા. થોડીવારે લોહીલૂહાણ ભાવેશને પકડી સૌ ગામમાં આવ્યા સરપંચનેત્યાં નાનું ટોળું ભેગું થઇ રહ્યું. પ્રવિણના કહેવા પ્રમાણે ભાવેશે જ્યોતિની ઇજ્જત ઉપર હાથ નાંખ્યો હતો અને તેમણે જ્યોતિને છોડાવી હતી. પાગલ જેવો ભાવેશ બધા સામે ઘૂરકીયાં કરતો હતો. જ્યોતિ તો પારેવાની જેમ ધ્રુજતી હતી. થોડીવારે બધું શાંત થયું. જ્યોતિ રડસમ બની ગઇ હતી. જો સમયસર પ્રવિણ ન આવ્યો હોત તો તેનું શું થાત? એ વિચારે તે ડરી હતી, થોડીવાર પછી પ્રવિણ તેને અને તેની મિત્રોને ઘર સુધી સલામત મુકી આવ્યો હતો.

બીજા દિવસે વાયુવેગે ગામમાં વાત પ્રસરી ગઇ. પ્રવિણની બહાદુરી અને સમયસૂચકતાના વખાણ થવા લાગ્યાં. જ્યોતિના મા-બાપ પ્રાયણના આભારી બની ગયાં હતા. સમય વીતતો ગયો અને થોડાક સમય બાદ બંનેની સગાઇ નક્કી થઇ હતી. લગ્ન પણ લેવાતાં હતા. પરંતુ લગ્નની આગલી સાંજે પ્રવિણ તેના મિત્રો સાથે અગાશીમાં ગપ્પાં મારતો હતો. અને એમાં ભાવેશની વાત નીકળતાં તે અને તેના મિત્રો અટ્ટહાસ્ય કરી પ્રસંગને વર્ણવતા હતા. પ્રાયણ બોલ્યો, "ચાર, જ્યોતિને મેં બરાબર પકડી હતી પણ ખબર નહીં ક્યાંથી પેલો ભાવેશ વચ્ચે આવ્યો. નહીં તો મઝા પડી જાત." સૌ હસતાં હતા પણ દાદરમાં તે બધાને બોલાવવા. ઉપર ચઢતી સરલાંએ આ વાત સાંભળી લીધી. તેને ધ્રાસકો પડ્યો અને આવી વાત હતી તે જાણતાં તેને સખત નફરત થઇ. તે ચૂપચાપ દાદરથી પાણી ફરી અને સીધી જ્યોતિને ઘેર પહોંચી હતી. ત્યાં તેણે નિર્દોષ ભાવેશની વાત જ્યોતિને કરી.

વાત સાંભળતાં જ જ્યોતિનો ગુસ્સો સાતમે આસમાને પહોંચ્યો હતો. એક અર્ધપાગલે તેની ઇજ્જત બચાવી અને બદલામાં સખત માર અને અપમાન તેને મળ્યાં હતાં. તેને ભારે દુઃખ થયું હતું. પ્રવિણ તરફ તેને ભારે નફરત પેદા થઇ હતી. મનમાં તે ભારે મુંઝારો અનુભવતી હતી. તેને પ્રવિણને બરાબર પાઠ ભણાવવાનું નક્કી કર્યું હતું.

અને પરિણામે ચોરી વચ્ચે તેણે પ્રવિણને તમાચો મારી ભાવેશને અપનાવ્યો હતો. જાન બેઇજ્જત બની વીલે મોંએ પાછી ફરી હતી. ગામ આખામાં પ્રવિણની થૂ થૂ થતી હતી. અને સૌ જ્યોતિનાં આ પગલાને બિરદાવતા હતા.

શહેરમાં ભાવેશનો ઇલાજ શરૂ થયો અને થોડાંજ સમયમાં ભાવેશ બિલકુલ ડાહ્યો બની ગયો. જ્યોતિની સાથે ભાવેશ મદદરૂપ બની રહ્યો છે અને દર નોતરાંમાં છેલ્લાં બે નોરતાં બંને સાથે ગામમાં આવી ઉજવે છે, રાસ-ગરબા સાથે ગાઇ 'મા' ની ઉપાસના કરી રહ્યાં છે.